1/ 15/c

જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓ/ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની નિમણૂંક કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક,
સચિવાલય,ગાંધીનગર.
તા. ૦૩/૦૫/૨૦૧૨.

વંચાણે લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૭-૪-૨૦૧૧નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક.
(૨) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના તા.૧૮-૬-૨૦૧૧ના પત્ર ક્રમાંકઃ પ્રાશિનિ./ નીતિ/ વિ.સ/ ૨૦૧૧/ક/૨૭૩૭.
(૩) શિક્ષણ વિભાગનો તા.૧૪-૭-૨૦૧૧નો સુધારા ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક.
(૪) કુલસચિવશ્રી, ગુજરાત વિદ્યાપીઠના તા.૧-૮-૨૦૧૧ના પત્ર ક્રમાંકઃ૬૭૪/૨૦૧૧-૧૨.
(૫) એન.સી.ટી.નો તા.૧૯/૮/૨૦૧૧નો અંગ્રેજી પત્ર ક્રમાંકઃ- ૬૧-૪/૨૦૧૧/NCTE/N& S A ૪૨૨૫૦

## <u>સુધારા ઠરાવ :-</u>

પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોની નિમણૂંક અંગેના નીતિ નિયમો અને માપદંડો આમુખમાં દર્શાવેલ સંદર્ભ (૧)ના ઠરાવથી અને સંદર્ભ(૩) ના સુધારા ઠરાવથી નકકી કરવામાં આવેલ છે. સદરહુ ઠરાવમાં પુખ્ત વિચારણા કરી નીચે મુજબ સુધારો કરવા ઠરાવવામાં આવે છે.

૧. **<u>ફકરા – ૧(અ)(બ) રદ કરી નીચે મુજબ ઉમેરવું.</u>**

(અ) **<u>શૈક્ષણિક અને તાલિમી લાયકાત :</u>**

(I) **<u>શૈક્ષણિક લાયકાત :</u>** ઓછામાં ઓછી એચ.એસ.સી.

(II) <u>તાલિમી લાયકાત :</u> પી.ટી.સી.

(બ) જે તે જિલ્લાની વિદ્યાસહાયકોની જગ્યાઓ એચ.એસ.સી./પી.ટી.સી. લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરવાની રહેશે. તે પૈકી ૧૦ ટકા જગ્યાઓ એચ.એસ.સી.(વિજ્ઞાન પ્રવાહ)માં ૪૫ ટકા ગુણ સાથે પાસ થયેલ ઉમેદવારોથી ભરવાની રહેશે, જો વિજ્ઞાન પ્રવાહ સાથે એચ.એસ.સી. થયેલ ઉમેદવારો પુરતી સંખ્યામાં ઉપલબ્ધ ન થાય તો બાકી રહેતી જગ્યાઓ વિજ્ઞાન પ્રવાહ સિવાયના એચ.એસ.સી./પી.ટી.સી.ના ઉમેદવારોથી ભરવાની રહેશે.

૨. **<u>ફકરા – ૧ (ડ)(ii) રદ કરવામાં આવે છે.</u>**

10/5

૩. **<u>ફકરા – ૨ (અ)</u>** માં બી.એસ.સી. પછી "ગણિત (Maths), આંકડાશાસ્ત્ર (Statistics), ભૌતિક શાસ્ત્ર (Physics), રસાયણ શાસ્ત્ર (Chemistry), બાયોલોજી (Biology), બોટની (Botony), ઝુઓલોજી (Zoology) અને ભૂસ્તર વિજ્ઞાન (Geology) પૈકી કોઇ પણ એક અથવા વધારે મુખ્ય વિષય સાથે" શબ્દો ઉમેરવામાં આવે છે.

૪. **<u>ફકરા-૨(બ) (i) માં</u>**

શૈક્ષણિક અને તાલીમી લાયકાતના મથાળા નીચે શૈક્ષણિક લાયકાતમાં જયાં જયાં બી.એ., બી.આર.એસ. લખાયેલ છે ત્યાં ત્યાં બી.એ., બી.આર.એસ. પછી બી.એસ.એસસી. ઉમેરવામાં આવે છે.

૫. **<u>ફકરા-૨ (બ) (iii)માં</u>**

ગુણાંકન નીચે જયાં બી.એ., બી.આર.એસ., એમ.એ., એમ.આર.એસ. લખાયેલ છે તે પછી બી.એસ.એસસી. ઉમેરવામાં આવે છે.

૬. **<u>ફકરા-૨(ક) (i)માં</u>**

શૈક્ષણિક અને તાલીમી લાયકાતના મથાળા નીચે શૈક્ષણિક લાયકાતમાં જયાં બી.એ., બી.આર.એસ. (ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજયશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) તથા બી.કોમ. (અર્થશાસ્ત્ર વિષય સાથે) લખાયેલ છે ત્યાં બી.આર.એસ. પછી બી.એસ.એસસી. ઉમેરવામાં આવે છે.

૭. **<u>ફકરા-૨(ક) (iii)માં</u>**

ગુણાંકન નીચે જયાં બી.એ., બી.આર.એસ. (ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજયશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર), બી.કોમ.(અર્થશાસ્ત્ર), એમ.એ, એમ.આર.એસ. (ઇતિહાસ, ભૂગોળ, નાગરિક શાસ્ત્ર, રાજ્ય શાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર) તથા એમ.કોમ. (અર્થશાસ્ત્ર) લખાયેલ છે ત્યાં બી.આર.એસ. પછી બી.એસ.એસસી. ઉમેરવામાં આવે છે.

ઉકત સુધારા સિવાય તા.૨૭-૪-૨૦૧૧ના ઠરાવ અને તા.૧૪-૭-૨૦૧૧ના સુધારા ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(એસ.બી.ગરાસિયા)**
**નાયબ સચિવ,**
**શિક્ષણ વિભાગ**

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર ધ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

17/c

- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/ માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી,(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહ્ન ભોજન યોજના સેકટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર
- કુલસચિવશ્રી, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.

(ઉપરના ચાર માટે: નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત)

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા., ગાંધીનગર.
- માહિતી નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.(ઓન લાઇન મુકવા સારૂં)
- સિલેકટ ફાઇલ. /નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.